## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




**સાહેબ, મે મારી જિંદગીમાં આવા કાંઈક દબાણ જોયા છે... અને પાછો ધંધા પર આવી ગયો છું... પણ સાહેબ એ કહોને ? ... કે આ વખતે ભયંકર દબાણ શા કારણે છે ??**

# હુક્કાબાર પ્રકરણમાં ઈન્સ્પેક્ટર સહિત ઈન્ફોસિટી પોલીસ સામે ઈન્કવાયરી

### હાઈપ્રોફાઈલ હુક્કાબાર પાછળ પોલીસની રહેમનજર મામલે તપાસ થશે : સ્થાનિક પોલીસની સંડોવણી અને બેદરકારી મામલે કલોલ ડીવાયએસપીને તપાસ સોંપાઇ : એસ.પી

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર નજીક કોબા પાસે આવેલી શામિયાણા રેસ્ટોરાંમાં સાઈડની જગ્યા ઉપર અરબી નામથી કાફેના આડમાં હાઈપ્રોફાઈલ હુક્કાબાર ચલાવાતો હતો જેના ઉપર ગઈકાલે સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ દ્વારા દરોડો પાડવામાં આવ્યો હતો. ૨૭ યુવક-યુવતીઓને હુક્કા પીતા પકડી પાડયા હતા. હુક્કાબાર જ્યાં ચાલતો હતો તેની બાજુમાં જ પોલીસની તંબુચોકી હતી. તે ઉપરાંત હાઈવે પર જ આ હુક્કાબાર હોવા છતાં સ્થાનિક પોલીસને ખબર પણ ન હતી તે બાબતે સવાલો ઊભા થયા છે. હાઈ પ્રોફાઈલ હુક્કાબાર પાછળ પોલીસની સંડોવણી બાબતે તપાસ થશે તેમ કહી જિલ્લા પોલીસ અધિક્ષક મયુર ચાવડાએ જણાવ્યું છે કે ઈન્ફોસિટી પોલીસ ઈન્સ્પેક્ટર તથા ઈન્ફોસિટી પોલીસના સ્ટાફની આ બાબતે સંડોવણી તથા બેદરકારી બાબતે કલોલ ડીવાયએસપીને ઈન્કવાયરી સોંપવામાં આવી છે.

હાઈવે ઉપર જ ધમધમી રહેલા હાઈપ્રોફાઈલ હુક્કાબાર



પરથી પોલીસે સંખ્યાબંધ એન્ટીક હુક્કાઓ તથા દુબઈની વિવિધ ફ્લેવર્સ પકડી હતી. આ સ્થળ પરથી વિદેશી દારૂની પાંચ બોટલો ઉપરાંત કસીનો કે કલબમાં જુગારધામ ચલાવવા માટે જેનો ઉપયોગ થાય છે તેવા પ્લાસ્ટિકના કોઈનનો મસમોટો જથ્થો પણ મળી આવ્યો હતો. તમામ ધંધાઓ આ સ્થળે ચાલતા હોવાની આશંકા છે ત્યારે સ્થાનિક પોલીસ આ મસમોટા અડ્ડાથી સાવ અજાણ કેવી રીતે હોઈ શકે તે એક મોટો સવાલ ઊભો થયો છે. એટલું જ નહિ શામિયાણા જ્યા આવેલી છે ત્યાં જ બાજુમાં પોલીસની તંબુ ચોકી લાગેલી છે અને ૨૪ કલાક ત્યાં વાહનચેકિંગ સહિતની કામગીરી ચાલતી હોય છે. આ સ્થળ ઉપર રાત્રે દરરોજ સંખ્યાબંધ ગાડીઓ આવતી હોય અને ખુલ્લેઆમ હુક્કા પીવાતા હોય, તેના ધુમાડા અને દુર્ગંધ બન્ને બહાર આવતી હોય તેમ છતાં પોલીસને ખબર ન પડે તે બાબત માનવામાં આવે તેમ નથી. આ હાઈ પ્રોફાઈલ હુક્કાબાર પ્રકરણમાં સ્થાનીક પોલીસની સંડોવણી છે કે કેમ તે બાબત તપાસનો વિષય છે. ઈન્ફોસિટી પોલીસ મથકના પી.આઈ તથા તેમનો ડી સ્ટાફ સહિતના પોલીસ કર્મચારીઓ શંકાના દાયરામાં છે ત્યારે સમગ્ર પ્રકરણની તટસ્થ તપાસ કરવા જિલ્લા પોલીસ અધિક્ષક મયુર ચાવડાએ ઈન્ફોસિટી પીઆઈ તથા તેમના સ્ટાફની સંડોવણી કે બેદરકારી મામલે કલોલ ડીવાયએસપીને ઈન્કવાયરી સોંપી દીધી છે. ગાંધીનગર એસ પી મયુર ચાવડાના જણાવ્યા મુજબ જે કોઈ પોલીસ અધિકારી કર્મચારીની સંડોવણી બહાર આવશે તેની સામે કડકમાં કડક પગલાં લેવામાં આવશે.

## શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા તબિયત બગડતા યુ.એન.મહેતામાં સારવાર માટે દાખલ

ગાંધીનગર, તા.૪

ગુજરાત રાજયના શિક્ષણમંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાની અચાનક ઝાડા-ઉલ્ટીને પગલે તબિયત બગડી ગઈ હતી. જેને પગલે તેઓને ગત્ રાત્રીના ૧૨ વાગ્યાના અરસામાં સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે લાવવામાં આવ્યા હતા. જયાં ભુપેન્દ્રસિંહને એડમીટ કરવામાં આવ્યા હતા, પરંતુ તેઓને હૃદયને સબંધિત તથા અન્ય બિમારીઓ પણ રહેલી હોવાથી રાત્રીના અઢી વાગ્યાના અરસામાં વધુ સારવાર માટે અમદાવાદ યુ.એન.મહેતા હોસ્પિટલમાં સારવાર માટે રીફર કરાયા હતા.

ગાંધીનગર શહેર-જિલ્લામાં મચ્છરજન્ય અને પાણીજન્ય રોગચાળો વકરી રહ્યો છે. સિવિલ હોસ્પિટલમાં રોજના ૩૦ થી વધુ દર્દીઓ ઝાડા-ઉલ્ટીના એડમીટ થાય છે, અને જુના રજા લઈને ઘેર જાય છે. જયારે કેટલાક દર્દીઓ ઓપીડી સારવાર મેળવી ઘરે જતા રહે છે. ખાનગી અને સરકારી હોસ્પિટલ દર્દીઓથી ખીચોખીચ જોવા મળી રહી છે. ત્યારે પ્રાપ્ત માહિતી મુજબ રાજયના શિક્ષણમંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા પણ પાણીજન્ય રોગચાળાના શિકાર બન્યા છે. ગઈકાલે રાત્રીના ૧૨ વાગ્યાના અરસામાં અચાનક તેમની તબિયત બગડતા શહેરની સિવિલ હોસ્પિટલમાં લવાયા હતા, જયા તેઓને ડાયેરીયાને પગલે એડમીટ કર્યા હોવાનું સિવિલના સુત્રો દ્વારા જાણવા મળ્યું હતું. સિવિલના તબિબોના જણાવ્યા મુજબ દાખલ કર્યા બાદ તેમનું સ્વાસ્થય સારુ હતું પરંતુ લો પ્રેશર, ડાયાબિટીસ અને હદય સબંધિત બિમારી પણ રહેલી હોવાથી તેમને વધુ સારવાર માટે રાત્રીના સમયે અમદાવાદ હોસ્પિટલ રીફર કરાયા હતા. સિવિલમાં રાત્રીના સમયે શિક્ષણમંત્રીને એડમીટ કરવામાં આવતા તંત્રમાં દોડધામ મચી ગઈ હતી. ડોકટર્સથી માંડીને તમામ સ્ટાફ ખડેપગે હાજર જોવા મળ્યો હતો.

## આજે સે. ૨૮ બ્રહ્માકુમારીઝ ખાતે 'નવી ભોજન પ્રથા' વિષયે વક્તવ્ય

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગરના બ્રહ્માકુમારીઝના સેક્ટર-૨૮માં પ્લોટ નં. ૭૫૧ શિવશક્તિભવન સેવા કેન્દ્ર ખાતે 'નવી ભોજન પ્રથા' વિષયે વક્તવ્યનું આયોજન કરાયુ છે. આ કાર્યક્રમમાં નવી ભોજન પ્રથાના ચમત્કારી અને અનુભવ સિદ્ધ પદ્ધતિના પ્રણેતા જીઈબી અમરેલીના નિવૃત્ત સુપ્રિટેન્ડન્ટ ઈજનેર ચૌહાણ દ્વારા 'નવી ભોજન પ્રથા અપનાવો, રોગ ભગાવો' વિષયે વકતવ્ય આપવામાં આવશે. તેમના વકતવ્યમાં વર્તમાન ભોજન શૈલીમાં સામાન્ય ફેરફાર કરવાથી એસિડીટી, કબજીયાત, કમરનો દુ:ખાવો, માથાનો દુ:ખાવો, બીપી, ડાયાબીટીશ, સાંધાનો વા, થાઈરોઈડ, ચામડીના રોગ, એલર્જી, કાયમી શરદી, ખરજવું, સોરાયસીસ, તાવ, સાંધાના રોગ, નંબર, કોલેસ્ટ્રોલ, કેન્સર, કોઢ, અસ્થમા જેવા રોગો તથા અસાધ્ય રોગોમાંથી કાયમી મુક્તિ મળી શકવાનો દાવો વ્યક્ત કરાય છે. તેમના મત મુજબ તપ, સેવા, સુમિરનના મોકળા માર્ગ માટે નિરોગી બનવુ જરૂરી છે જે માટે નવી ભોજન પ્રથા અપનાવવી જોઈએ. આ વક્તવ્યનો લાભ લેવા જાહેર જનતાને બ્રહ્માકુમારીઝના સંચાલિકા કૈલાશદીદીએ જાહેર નિમંત્રણ પાઠવ્યું છે.

# અષાઢી દિવસોમાં ગરમીના તીખા તેવર, મહત્તમ તાપમાન ૬ ડીગ્રી વધ્યુ

### અષાઢી મેઘના અંબર ગાજયા પણ વરસ્યા નહીં : ભરચોમાસે ઉનાળા જેવી ગરમી : વિચિત્ર મોસમની અસરથી જનજીવન પ્રભાવિત

શહેરમાં અષાઢી મેઘના અંબર ગાજયા બાદ પણ વરસ્યા નથી. ત્યારે અષાઢી વાદળો તો ડોકીયુ કરીને વરસ્યા વિના જ વિખેરાઈ ગયા છે. વરસાદ ખેંચાતા સૌ કોઈની નજર નભ તરફ મંડરાઈ છે. ત્યારે વરસાદની વાટ વચ્ચે ઉનાળા જેવી ગરમીની મોસમ નિખરતા વિચિત્ર મોસમથી પ્રભાવિત નગરજનો અકળાયા છે. છેલ્લા ચાર દિવસમાં જ મહત્તમ તાપમાનમાં ૬ ડી ગ્રીનો વધારો જોવા મળ્યો છે. આજે મહત્તમ તાપમાન ૩૫.૫ ડી ગ્રી એ પહોંચી જતા નગરજનોએ ઉનાળા જેવી આકરી ગરમીનો અનુભવ કર્યો હતો.

શહેરમાં ચોમાસા દરમિયાન વરસાદની ગેરહાજરી વચ્ચે ગરમીની મોસમ નિખરતા નગરજનો વિચિત્ર મોસમની અસરથી બેબાકળા થયા છે. શહેરમાં વરસાદી દિવસોમાં આકરી ગરમીથી નગરજનો અકળાયા છે. અષાઢી વાદળો ગાજયા બાદ વરસ્યા નથી. આકાશી નઝારો બદલાયા બાદ પણ મેઘરાજા નગરથી રીસાયેલા રહેતા અડધા ચોમાસાના અંતે પણ નગર કોરુધાકોર રહયુ છે. એકબાજુ ખેડુતો થી લઈ ગરમીથી ત્રસ્ત આમ નાગરિકો પણ મેઘરાજાની વાટે છે. પરંતુ વરસાદ વરસવાનુ નામ લેતો નથી. જયારે મેઘરાજાના રીસાયેલા મિજાજ વચ્ચે વાતાવરણમાં ગરમીનો પારો અચાનક જ ઉંચકાતા નગરજનોએ ભરચોમાસે ઉનાળા જેવી આકરી ગરમી વેઠવાનો વારો આવ્યો છે. મહત્તમ તાપમાન છેલ્લા પાંચ દિવસમાં ૨૯ ડી ગ્રી થી ૩૫,૫ ડી ગ્રી સુધી પહોંચી ગયુ છે.આજે ગરમીનો પારો વધુ એક ડી ગ્રી ઉંચો આવતા નગરજનોએ દિવસ દરમિયાન આકરી ગરમીનો અનુભવ કર્યો હતો. સવારે અને સાંજે ભેજનુ પ્રમાણ પણ વાતાવરણમાં ઘટી ગયુ છે. ચોમાસા દરમિયાન આકાશમાં ગોરંભાયેલા વાદળો વચ્ચે પણ ગરમીનુ જોર વધ્યુ છે. અષાઢી દિવસોમાં ચૈત્ર આકાશે ચઢયો હોય તેવા મોસમના હાલ વચ્ચે નગરજનો વરસાદના મામલે ચિંતિત છે.

## ગાંધીનગરમાં ઘ-૪ સર્કલે આજે પુસ્તક પરબ યોજાશે

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર ખાતે સાડાચાર વર્ષથી નિયમીત રીતે દર મહિનાના પ્રથમ રવિવારે પુસ્તક પરબ યોજવામાં આવે છે. જેનો ગાંધીનગરના સુજ્ઞ વાચકો ભરપુર લાભ લે છે. આ મહિને તા. ૫મી ઓગ્ટના રોજ રવિવારે સવારના ૭.૩૦ થી ૯.૩૦ સુધી ઘ-૪ના સર્કલ ખાતે ઉદ્યોગ ભવન નજીક પુસ્તક પરબ યોજાશે.

માતૃભાષા અભિયાન અને આત્મન ફાઉન્ડેશનના સહયોગથી યોજાતી આ પુસ્તક પરબનો હેતુ માતૃભાષા ગુજરાતીના ગૌરવનો પ્રસાર કરી અને સારા પુસ્તકોના વાંચનનો પ્રસાર કરવાનો છે. સાથોસાથ પુસ્તકના આદાનપ્રદાનની પ્રવૃત્તિ વિકસે તથા લોકોમાં વાંચનની ટેવ કેળવાય તેવો તેનો શુભ આશય છે. ગુજરાતમાં ૧૫૮ જેટલા સ્થળોએ આવી પુસ્તક પરબ યોજાય છે. જેમાં મુલાકાત લેનાર તમામને બે પુસ્તકો અને બે મેગેઝીન ભેટ આપવામાં આવે છે. પુસ્તક પરબનો લાભ લેવા માટે કિશોર જીકાદરા, આશા સરવૈયા, પ્રજ્ઞા પટેલ, મુળજીભાઈ પરમાર, અશોકભાઈ ત્રિવેદી, સંજય થોરાત, રણછોડભાઈ પરમાર, ધુર્જટી પ્રજાપતિ, રમેશચંદ્ર શ્રીમાળી તથા દિશાંત ગર્ગ વગેરે સહયોગીઓએ પુસ્તક ભાવકોને અનુરોધ કર્યો છે.

### રાખડી પાર્સલ ફ્રી સેવા

રક્ષાબંધનના તહેવાર નિમિતે શ્રીનાથ ટ્રાવેલ્સ એજન્સી, શ્રીનાથ કાર્ગો પ્રાઈવેટ લીમીટેડ દ્વારા મીઠાઈ તથા રાખડીના ફ્રી પાર્સલ સેવા શરુ કરવામાં આવી છે. આ સર્વિસમાં કોઈપણ પ્રકારના કેશ કવર સ્વીકારવામાં આવશે નહી. રાખડી પાર્સલ ફ્રી સેવા માટે મો. ૯૦૯૯૦૨૨૨૫-૬ પર સંપર્ક કરવો

## સે. ૨૨માં રિનોવેશન કરાયેલ રંગમંચમાં ૨૪x૭ લાઈટો ચાલુ જ હોય છે

### લોકાર્પણ જૂથબંધીમાં અટવાયાની સેક્ટરવાસીઓમાં ચાલતી ચર્ચા

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર મનપા દ્વારા રિનોવેશન થયેલ સેક્ટર-૨૨નો રંગમંચ લોકાર્પણની તારીખ નક્કી ન થતાં હજુ સુધી તેનો ઉપયોગ શરૂ થયો નથી.

જો કે આ રંગમંચનો ઉપયોગ ભલે શરૂ થયો ના હોય પણ ત્યાં લાઈટો ૨૪૮૭ ચાલુ જ રાખવામાં આવી રહી છે. એક તરફ કરકસરભર્યા વહીવટની વાતો કરતા સત્તાધીશોને શું આ વાતની ખબર નહિ હોય એવી ચર્ચા સામાન્ય નાગરિકોમાં થઈ રહી છે.

સેક્ટર-૨૨માં રિનોવેશન બાદ તૈયાર થયેલા રંગમંચમાં સફાઈને લઈ પણ ઉદાસીનતા દાખવવામાં આવતી હોય તેવુ લાગી રહ્યુ છે. અહિ ચોકીદારોની પણ નિમણુંક પણ બાકી હોવાનું જાણવા મળેલ છે.

શહેરની મધ્યમાં આવેલ આ રંગમંચની હરિયાળી તો ઉડીને આંખે વળગે તેવી છે પણ ત્યાં રોપાયેલા વૃક્ષોને નિયમિત જળ સિંચન થાય તે જોવાય તેવી ચર્ચા પણ સેક્ટર-વાસીઓ કરી રહ્યા છે.

આ રંગમંચનું લોકાર્પણ અંગેની તારીખ પણ સત્તાધારી પક્ષની જૂથબંધીને કારણે અટવાયુ હોવાની પેટછુટી વાતો પણ સેક્ટર-વાસીઓમાં થતી સાંભળવા મળી રહી છે.



ગાંધીનગર જિલ્લા લઘુમતી મોરચાની કારોબારીની બેઠક જિલ્લા મહામંત્રી આઈ.બી. વાઘેલાની ઉપસ્થિતિમાં જિલ્લા કાર્યાલય કમલમ્ ખાતે બેઠક યોજાઈ હતી. આ પ્રસંગે લઘુમતી મોરચાના હોદ્દેદારો, સભ્યો અને કાર્યકર્તાઓ હાજર રહ્યા હતા.

### સમસ્ત બ્રહ્મસમાજ મહિલા પાંખ દ્વારા પ્રવાસનું આયોજન

શ્રી સમસ્ત બ્રહ્મ સમાજ મહિલા પાંખ દ્વારા પવિત્ર શ્રાવણ માસમાં ધાર્મિક સ્થળોના દર્શનાર્થે જવાનું પ્રતિવર્ષની જેમ આ વર્ષે પણ પ્રવાસનું નક્કી કરવામાં આવ્યું છે. તો દરેક બહેનોએ વહેલામાં વહેલી તકે પોતાનું નામ નોંધાવવા જણાવવામાં આવે છે. તા. ૧૭ ઓગસ્ટને શુક્રવારના રોજ નીકળી ભાવનગર ખોડીયાર મંદિર, શિહોર નવનાથ મહાદેવ, સારંગપુર અને ઘેલા સોમનાથના દર્શન કરી રાત્રે પરત ફરવામાં આવશે. પ્રવાસ માટે નામ નોંધાવવા અંજનાબેન ગોર મો.૯૪૨૮૬ ૧૪૪૮૨, વિમળાબેન મો. ૯૪૨૬૩ ૫૬૦૧૭ અને પ્રતિમાબેન ત્રિવેદી મો.૯૭૨૩૯૮૫૫૩૮ પર સંપર્ક કરવો.

## મનપામાં ૧૬ સંવર્ગની ભરતી માટે ૪ તબક્કામાં પરીક્ષા લેવાશે

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા ૧૦૫ થી પણ વધુ જગ્યાઓની ભરતી માટેની સ્પર્ધાત્મક પરીક્ષાઓ ઓગષ્ટ અને સપ્ટેમ્બર માસ દરમ્યાન લેવામાં આવશે.

૧૯ ઓગષ્ટ, ૯ સપ્ટેમ્બર, ૧૬ સપ્ટેમ્બર, ૨૩ સપ્ટેમ્બર દરમ્યાન ચાર તબક્કામાં આ પરીક્ષાઓ યોજવામાં આવશે.

ગુજરાત ટેકનીકલ યુનિ.ને સમગ્ર પરીક્ષાનું સંચાલન મનપા દ્વારા આપવામાં આવ્યુ છે. આ માટે કોલલેટર ક્યારે ડાઉનલોડ કરી મેળવી લેવા તેની વિગતો સાથેની જાહેર નોટીસ મનપા દ્વારા જારી કરી દેવામાં આવી છે.

૧૬થી વધુ કેડરોમાંઆ ભરતી પ્રક્રિયા હાથ ધરવામાં આવી રહી છે તે ઉલ્લેખનીય છે. આ માટે વિક્રમી સંખ્યામાં ઉમેદવારો નોંધાયા છે તે પણ નોંધનીય છે. આ સ્પર્ધાત્મક પરીક્ષાઓ યોજવા પાછળ સાડાચાર કરોડનો ખર્ચ થવાનો અંદાજ છે.



કડવા પાટીદાર સમાજ, શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, ગાંધીનગર ખાતે મહાન ગાયક મહોમ્મદ રફીની પૂણ્યતિથિ પ્રસંગે સંગીત સંધ્યાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે બાલાજી સૂર સંગમ પ્રસ્તુત ઓર્ગેનાઈઝર-અમૃત રાવલ તથા ઓર્કેસ્ટ્રા-ચિરાગ સોની દ્વારા સંગીત ટીમ સાથે નવા તથા જૂના લોકપ્રિય ગીતો રજુ કરવામાં આવ્યા હતા. આ સંગીત સંધ્યા શ્રી હરિભાઈ ખોડીદાસ પટેલ પરિવાર (કુડાસણ)ના હસ્તે-નરેશભાઈ પટેલ દ્વારા સ્પોન્સર કરવામાં આવ્યો હતો.

### જાહેર નિવિદા

નાણા વિભાગ ખાતે ઝેરોક્ષ નકલો કરાવવાની કામગીરી માટે ઈીહંટ્ઠ્રૂ મ્ટ્ઠજીથી કોન્ટ્રાક્ટ આપવાનો છે. જે અંગેની શરતો નાણા વિભાગની વેબસાઈટ http://financedepartment.gujarat.gov.in ઉપર દર્શાવ્યા મુજબ છે, તેમજ નીચેના સરનામે રૂબરૂ પણ ઉપલબ્ધ થઈ શકશે.

આ અંગેના ભાવપત્રકો તા. ૨૭/૮/૨૦૧૮ સુધીમાં સીલબંધ કવરમાં રજીસ્ટર એ.ડી.થી નીચેના સરનામે મળે તેમ મોકલવાના રહેશે. આ કવર ઉપર 'ઝેરોક્ષ નકલો કરવાની કામગીરી બાબત' લખવું.

સીલબંધ કવરમાં મળેલ ભાવ પત્રકો તા. ૨૮/૮/૨૦૧૮ના રોજ બપોરે ૧૨:૦૦ કલાકે ખોલવામાં આવશે.

સહી/- (કે. કે. ખત્રી)
ઉપસચિવ, નાણા વિભાગ
માહિતી/૧૧૮૧/૧૮-૧૯ બ્લોક નં. ૪/૯મો માળ, સચિવાલય ગાંધીનગર

વિદ્યા લાયબ્રેરી ૨૯માં વર્ષ નિમિત્તે યોજે છે.
બાવીસમો ભવ્ય પુસ્તક મેળો
તા. ૫, ૬ ઓગસ્ટ રવિ-સોમ, ૯ થી ૫
ધોરણ ૫ થી ૧૨ ના
"કોઈપણ પુસ્તક માત્ર રૂપિયા ૧૦/- માં"
જેમાં આપને મળશે - જુના અને નહીવત ડીફેક્ટીવ પુસ્તકો, પાઠ્યપુસ્તકો, ગાઈડો, અપેક્ષીતો, પેપરસેટ, પ્રેક્ટીસવર્ક તથા પરીક્ષાલક્ષી સંપૂર્ણ મટીરીયલ્સ
ભવ્ય ઓફર | ડીક્ષનરી : OXFORD - GALA | ભવ્ય ડિસ્કાઉન્ટ
ચોપડા : સ્પે. ચોપડા માત્ર ₹ 10/- ; 1 ડઝનના ₹ 120, 150, 180 થી વધુ
કાગળ : 1 પેકેટ ₹ 35, 50 | પૂરવણી (૫૦ નંગ) ₹ 100 / ₹ 150
અડધી કિંમતે G.P.S.C. ધાર્મિક, વ્રત કથાઓ, મહેંદી, બાળવાર્તા, જનરલ નોલેજ, સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટેના પુસ્તકો
₹ 50/- પેનબોક્સ (નંગ-૨૦) | Diploma ₹20/-, ડિગ્રી ₹50/- LL.B. સજેશન ₹20/-
તારીખ : ૫, ૬ - ઓગસ્ટ - ૨૦૧૮
રવિ-સોમ સમય સવારે : ૯ થી સાંજે ૫
વિદ્યા લાયબ્રેરી
વિદ્યા શોપીંગ સેન્ટર, સેકટર-૧૬, ગાંધીનગર.
ફોન : 079- -232 29575 (M) 98250 18575, 98795 29575
ખાસ નોંધ : મેળામાં કોઈએ બેગ, થેલા, સાધન સાથે લાવવા નહિ, તેની જવાબદારી અમારી રહેશે નહિ.

3rd Edition
TRUCK TRAILER & TYRE EXPO
આંતરરાષ્ટ્રીય એક્ઝિબિશન ટ્રક, ટ્રેલર, ટીપર, ટેન્કર, ટાયર, રીફર, કન્ટેનર, ઓઈએમ અને સંબંધિત ઉદ્યોગો માટે
પ્રવેશ વિનામૂલ્યે
આજે છેલ્લો દિવસ
મુલાકાતીઓ માટે લકી ડ્રો
@ મહાત્મા મંદિર, ગાંધીનગર
2nd Edition REEFER & CONTAINER EXPO
CONCURRENT EVENT
2nd Edition TIPPER & TANKER EXPO
9341473494 | 9248669027
www.tttexpo.in
mail@mediaday.co.in
Supported by
Ministry of Road Transport and Highways, Govt of India
Ministry of Commerce and Industry, Govt of India
Ministry of Petroleum and Natural Gas, Govt of India
Ministry of Railways, Govt of India
Government of Gujarat
All India Motor Transport Congress (AIMTC)
Federation of Gujarat Petroleum Dealer's Association
Gujarat Chamber of Commerce and Industry
Akhil Gujarat Truck Transport Association
Ahmedabad Automobile Dealers Association
Silver Sponsor
ICICI Bank Prepaid Cards | FASTag
Organised By
Media Day Marketing

